સને:૨૦૧૮-૧૯ ના વર્ષ માટે દૈનિક સમાચાર પત્ર મંગાવવાની અને
તે અંગે થનાર ખર્ચની મંજુરી બાબત....

# -: પરિપત્ર :-

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી કેન્દ્રોના તમામ અધિકારીશ્રીઓ ને જણાવવાનું કે **સને:૨૦૧૮-૧૯** ના નાણાંકીય વર્ષમાં જે કચેરીઓને દૈનિક સમાચાર પત્ર મંગાવવા અને તેમા થનાર ખર્ચની મંજુરી ગુજરાત રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ (સત્તા સોપણી) નિયમો :૨૦૧૧ ના ધારા નં.એસ.૧૨૧ ના (ભાગર.૦ નાણાંકીય)ના અનુક્રમનં: **૬૨(i)** મુજબ જે કચેરીઓ ને અત્રેથી મંજુરી આપવાની થતી હોય (ફકત)તે કચેરીએ **તા:૧૫/૦૬/૨૦૧૮ સુધી** (એક) દૈનિક સમાચાર પત્રની માંગણી મોકલવાની રહેશે. જો તા:૧૫/૦૬/૨૦૧૮ સુધી માગણી ન આવે તો જે તે કચેરીને દૈનિક સમાચાર પત્ર મંગાવવાની જરૂરીત નથી એમ માની તેમને અત્રેથી મંજુરી આપવામાં આવશે નહી.જેની નોંધ લેવા સારૂ.

વધુમાં અત્રેની કચેરીના ધ્યાને આવેલ છે કે, એકજ કચેરીમાં એક થી વધારે દૈનિક સમાચાર પત્ર મંગાવવામાં આવે છે. જે આજના ડીજીટલ યુગમાં વ્યાજબી નથી અને સદર દૈનિક સમાચારપત્રની પસ્તીનો નિકાલ પણ જે તે વર્ષમાં કરીતે અંગેના નાણાં કચેરીમાં સમયસર જમા કરાવવાના રહેશે. જે બાબતે ખાસ તકેદારી રાખવી.

**પ્રસ્તુત પરિપત્ર ફાઈલ નોંધ પર મા.કુલપતિશ્રી ની મંજુરી મેળવી બહાર પાડવામાં આવે છે.**

ઈ/ચા કુલસચિવ
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી.**

**જા.નં.નકયુ./રજી/અ.૩.૧/૫૦૩૨-૩૩/૨૦૧૮.**
**નવસારી. તારીખ: ૦૫/૦૬/૨૦૧૮.**

**નકલ સવિનય રવાના :-**

૧. **નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી કેન્દ્રના તમામ કચેરીના અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ.**

૨. **વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીની કચેરી તરફ જાણ થવા સારૂ.**